# જીન લ્યુક ગોડાર્ડનો જીવનમાં પણ જમ્પ કટ



“લિબરેશન” નામના એક ફ્રેંચ અખબાર અનુસાર ગોડાર્ડ કોઈ અસહ્ય બીમારીઓના ભોગ બન્યા ન હતા. તેમના પરિવારના નજીકના લોકોને ટાંકીને અખબારે કહ્યું હતું કે તેઓ થાકી ગયા હતા અને સ્વેચ્છાએ જતા રહેવું હતું. તેમના ગયા પછી કોઈને કાનૂની મુશ્કેલી ન આવે તે માટે તેમણે ઈચ્છા મૃત્યુની વાત સાર્વજનિક કરવાની વ્યવસ્થા કરી હતી

ફાયરવોલ
રાજન ગાંધી

જીન લ્યુક ગોડાર્ડ (ફ્રેંચમાં જ્યાં-લીક ગોડા), ફ્રેચ ન્યૂ વેવ સિનેમાના પ્રણેતા માત્ર નહોતા, તે દુનિયાભરના કળાપ્રેમીઓ અને બુદ્ધિજીવીઓનું ‘ડ્રગ્સ’ પણ હતા. તે કહેતા હતા કે સિનેમા તેમનો નશો છે. એ એવો નશો હતો કે તે સિનેમાને ઘોળીને પી ગયા હતા.“હું જીવનને માત્ર સિનેમાના માધ્યમથી જાણું છું,” એવું તેમણે એક વાર કહ્યું હતું. જે લોકો તેમની ફિલ્મો જોતા હતા, તે તેમને વિચારવા માટે મજબૂર કરી દેતી હતી. તેમને હંમેશાં સિનેમાના માધ્યમથી કશુંક એવું કહેવું હતું જેમાં એક પ્રકારના વિદ્રોહનો ભાવ રહેતો હતો. ગોડાર્ડ માટે ઈતિહાસ અને સિનેમા બે એવા ધ્રુવ હતા, જેની વચ્ચે તેમનું જીવન, વિચાર અને કાર્ય લોલકની માફક ફરતું હતું.

સરખામણીથી જો સમજવું હોય તો તેઓ ફ્રેંચ સિનેમાના પ્રેમચંદ, ઉર્દૂ વાર્તાઓના મંટો, પેન્ટિંગના પિકાસો અને સંગીતના લતા મંગેશકર હતા. 13 સપ્ટેમ્બરે તેમનું અવસાન થયું, ત્યારે ફ્રેંચ રાષ્ટ્રપતિ ઈમાન્યુઅલ મેક્રોંએ ટવીટ કરી હતી, “તેઓ ફ્રાંસની સિનેમામાં એક હિરો સમાન હતા. પછી તેઓ ગુરુ બની ગયા હતા. ગોડાર્ડે પૂરી રીતે આધુનિક મુક્ત કળાનો આવિષ્કાર કર્યો હતો. આપણે એક રાષ્ટ્રીય ખજાનો ગુમાવી દીધો છે.”

તેમના અવસાનના સમાચાર સાંભળીને જાણીતા ફિલ્મસર્જક અદૂર ગોપાલકૃષ્ણે કહ્યું હતું, “ગોડાર્ડે ફિલ્મનિર્માણના વ્યાકરણને બદલી નાખ્યું હતું અને ફિલ્મો બનાવવામાં પોતાનો રસ્તો શોધ્યો હતો.” ગોડાર્ડની જાણીતી ફિલ્મોમાં ‘બ્રેથલેસ,’ ‘અ વુમન ઈઝ અ વુમન,’ ‘કન્ટેમ્પ્ટ,’ ‘બેન્ડ ઓફ આઉટસાઈડર્સ,’ ‘અલ્ફાવિલે,’ ‘મસ્ક્યુલિન ફેમિનિન,’ ‘ટુ ઓર થ્રી થિંગ્સ આઈ નો અબાઉટ હર’ અને ‘વીક-એન્ડ’નો સમાવેશ થાય છે.

3 ડિસેમ્બર 1930ના રોજ પેરિસમાં જન્મેલા જીન લ્યુક ગોડાર્ડ 91 વર્ષના હતા અને અવસાનના સમયે સ્વિત્ઝર્લેન્ડના રોલે નામના ગામડામાં રહેતા હતા. આખી જિંદગી દુનિયાના સૌથી ખૂબસૂરત શહેર પેરિસમાં રહેલા ગોડાર્ડ 1978થી સ્વિત્ઝર્લેન્ડ જઈને વસ્યા હતા તેનાં બે કારણો હતાં; એક, તેમને મોટા શહેરની ધમાલથી દૂર એકાંતમાં રહેવું હતું અને બે, સ્વિત્ઝર્લેન્ડ તેમના આઝાદ ખયાલી અને વિદ્રોહી આત્માને અનુકૂળ આવે તેવો પ્રગતિશીલ સમાજ હતો.

1974માં અચનાક પેરિસ છોડીને ફ્રેંચ આલ્પ્સના ગ્રેનોબલ શહેર અને પછી સ્વિત્ઝર્લેન્ડ જતા રહેવાના નિર્ણય અંગે પૂછવામાં આવતા તેમણે દાવો કર્યો કે, ‘‘એક દિવસ તુક્કો સૂઝ્યો અને મેં કારમાં કૂદકો માર્યો અને હાઈવે પર મારી મૂકી.” તેમની પહેલી જ ફિલ્મ “બ્રેથલેસ”માં હિરો જીન-પોલ બેલ્મોન્ડો પણ માર્સેલ શહેરમાંથી એક કાર ચોરીને કોઈ પ્લાન વગર એવી જ રીતે ગામડાઓ તરફ નીકળી પડે છે.



સ્વિત્ઝર્લેન્ડ યુરોપની સરખામણીમાં પણ એટલો પ્રગતિશીલ છે કે ત્યાં જાતે ઈચ્છામૃત્યુ પસંદ કરવાની છૂટ આપતો કાયદો છે. યુરોપમાં અન્ય ઠેકાણે પણ ઈચ્છામૃત્યુની છૂટ છે પરંતુ તેમાં ડૉક્ટરની મદદ લેવી પડતી હોય છે. યુરોપમાં સ્વિત્ઝર્લેન્ડ પહેલો દેશ છે જેણે 1942માં ઈચ્છામૃત્યુને કાનૂની વૈધતા આપી હતી. સ્વિત્ઝર્લેન્ડમાં વ્યક્તિ, કાનૂની અને મેડિકલ વિધિઓ પૂરી કર્યા પછી પોતાની જાતે ઘાતક દવાનો ડોઝ લે છે. આના માટે ‘ડિગ્નિટાઝ’ નામનું એક સંગઠન સમગ્ર પ્રક્રિયામાં મદદ કરે છે.

આત્મઘાત એ કાયરતા છે? જન્મ પર આપણો અધિકાર નથી. માત્ર મૃત્યુમાં જ પસંદગીનો અવકાશ છે તો તેનું ગૌરવ કેમ નહીં? આ લીગલ અને ફિલોસોફિકલ મુદ્દો છે. આનો કોઈ સ્પષ્ટ જવાબ નથી કારણ કે અમુક દેશોમાં આત્મહત્યા અપરાધ નથી, જ્યારે અમુક દેશોમાં જન્મ પર વ્યક્તિનો અધિકાર ન હોય તો મૃત્યુ પર પણ ન હોય તેવા તર્ક સાથે તેને અપરાધના દાયરામાં મૂકવામાં આવે છે. ઈચ્છામૃત્યુનું અપરાધિકીકરણ પશ્ચિમમાંથી આવ્યું છે. ત્યાં પુનર્જન્મની ધારણા નથી. આ એક જ જીવન છે એટલે મરવું એ પાપ છે એ ઈસાઈ અને ઈસ્લામિક ખયાલ છે. પરિણામે, પશ્ચિમની લીગલ સંહિતામાં તેને અપરાધ ગણવામાં આવ્યો છે. મજાની વાત એ છે કે હવે પશ્ચિમમાં જ ઈચ્છામૃત્યુને અપરાધના દાયરામાંથી બહાર કાઢવાની ઝુંબેશ ચાલે છે.

ગોડાર્ડે આ રસ્તો અપનાવ્યો હતો. તેમણે સ્વેચ્છાએ જ અલવિદા ફરમાવવાનું નક્કી કર્યું હતું.

2014માં તેમણે સાર્વજનિક રીતે આત્મહત્યાની તરફેણ કરી હતી. તે વર્ષે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં એક પત્રકાર પરિષદમાં તેમણે કહ્યું હતું કે તેમને બીમારીમાં વ્હીલચેરમાં જીવવાનું પસંદ નહીં પડે અને એવું થશે તો સ્વિત્ઝર્લેન્ડમાં સ્વહસ્તે જીવનનો અંત લાવશે. 2021માં, કોરોનાની મહામારી વચ્ચે યોજાયેલા વર્ચ્યુઅલ આંતરરાષ્ટ્રીય કેરળ ફિલ્મ ફેસ્ટીવલમાં 85 મિનિટના વાર્તાલાપમાં ગોડાર્ડે જાહેર કર્યું હતું કે અગામી બે ફિલ્મો પૂરી કરીને તેઓ ફિલ્મ નિર્દેશનમાંથી સંન્યાસ લઈ લેશે. “હું મારા સિનેમા જીવનની બે સ્ક્રીપ્ટ પર કામ કરી રહ્યો છું. એ પછી, હું સિનેમાને અલવિદા કહી દઈશ.”

“લિબરેશન” નામના એક ફ્રેંચ અખબાર અનુસાર ગોડાર્ડ કોઈ અસહ્ય બીમારીઓના ભોગ બન્યા ન હતા. તેમના પરિવારના નજીકના લોકોને ટાંકીને અખબારે કહ્યું હતું કે તેઓ થાકી ગયા હતા અને સ્વેચ્છાએ જતા રહેવું હતું. તેમના ગયા પછી કોઈને કાનૂની મુશ્કેલી ન આવે તે માટે તેમણે ઈચ્છામૃત્યુની વાત સાર્વજનિક કરવાની વ્યવસ્થા કરી હતી. તેમના કાનૂની સહાયક પેટ્રિક જીનનેરેટે ‘ધ ન્યૂયોર્ક ટાઈમ્સ’ના પત્રકારને કહ્યું હતું, “એ મારી-તમારી જેમ જીવી શકે તેમ નહોતા. તેઓ આખી જિંદગી એક સ્પષ્ટતા સાથે જીવ્યા હતા અને એ જ રીતે નક્કી કર્યું કે હવે જવાનો સમય આવી ગયો છે. તેમને ગરિમા સાથે જવું હતું અને એવું જ કર્યું હતું.”

ગોડાર્ડે એક વાર કહ્યું હતું, “ફિલ્મનો આરંભ, મધ્ય અને અંત હોવો જોઈએ પરંતુ જરૂરી નથી કે એ જ ક્રમમાં હોય.” તેઓ ફિલ્મ પણ એવી જ રીતે બનાવતા હતા, જેમાં પરંપરાગત રીતે એક સીધી દિશામાં વાર્તાની ટાઈમલાઈન ન હોય. તેના બદલે તેઓ વાર્તાને ‘કુદાવતા’ રહેતા (ફિલ્મ એડિટિંગની ભાષામાં તેને ‘જમ્પ કટ’ કહે છે). તેમણે ખુદની જીવનકથામાં પણ એવો જ ‘જમ્પ કટ’ લીધો હતો.

# ઈશિતાનું અલકમલક



## ઈશ્કી અપરાધી : તેરે કારન તેરે કારન !

આપણા વડીલો કહે છે કે ‘ગાંડાને માથે શિંગડાં ન ઊગે’. અગાઉ તો આ જ્ઞાન વડીલો એમના અનુભવને આધારે આપણને આપતા હતા પણ હવે તો પ્રેમમાં જે ગાંડાં થયા છે એ પણ ખુદ આ વાત સ્વીકાર કરતાં કહે છે કે હા,ખરેખર અમારા જેવા ઈશ્કીઓને માથે શિંગડાં નથી ઊગતાં.(આમ એ ઈશ્કી ગાંડાંઓને એટલું તો ડહાપણ આવ્યું !) ખેર, શિંગડાં ઊગે કે ન ઊગે, પરંતુ અમુક આશિકોએ કરેલી મૂર્ખામીની જે બે ઘટના તાજેતરમાં બની ગઈ એ જાણવા જેવી છે.

ગર્લફ્રેન્ડ બધાને ન પોષાય. એમાંય કોઈ લબરમૂછિયો હજુ કમાતો-ધમાતો માંડ માંડ થયો હોય એને તો ગર્લફ્રેન્ડના નખરાં-શોખ કે એની પાછળના ખર્ચા બહુ મોંઘા પડે. કોઈ પોતાની ફ્રેન્ડ પર છાકો પાડવા મોંઘા મોબાઈલ ઉધારી કરીને ગિફ્ટ આપે તો કોઈ ચોરી કરે. અરે, કેટલાક તો પોતાની લવરને ઈમ્પ્રેસ કરવા બાઈક પણ તફડાવી લાવે ને પછી ઝડપાય ત્યારે આવા બધા ઈશ્કી દેખાડાનું બાષ્પિભવન થઈ જાય

આવો એક તાજો કિસ્સો જાણવા જેવો છે. મુંબઈ પરાની બૅન્કનું ‘ATM’ને તોડીને એક મોડી રાતે એમાંથી પૈસા કાઢવાનો પ્રયાસ થયો હોય તેમ બીજી સવારે જણાતા બેંકે પોલીસને જાણ કરી. બે-ત્રણ જાતનાં તીક્ષ્ણ હથિયારથી એ મશીનની ભાંગફોડ - તોડફોડ કરવાનો પૂરતો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ લૂટારું એમાં સફળ નહાતો થયો કારણ કે ‘ATM’માંથી કોઈ રોકડ ગુમ નહોતી થઈ. ‘ATM’ની કેબિનના CCTV કેમેરાના ફૂટેજ ચેક કરવામાં આવ્યા, જેમાં શોર્ટસ-ટીશર્ટમાં સજ્જ એક માસ્કધારી યુવાન દેખાયો પણ એ ઓળખ પૂરતી ન હતી. પોલીસે આસપાસ વિસ્તારના 100થી વધુ TV ફૂટેજ ચેક કર્યા તો આવા જ ડ્રેસમાં એક યુવાન બૅન્કની આસપાસ લટાર મારતો નજરે ચઢ્યો, જેણે માસ્ક નહોતો પહેર્યો એથી એની ઓળખ પાકી થતાં પોલીસે એને આંતર્યો. આકરી ઊલટતપાસમાં યુવાને કબૂલી લીધું કે ‘ATM’ લૂંટવાનો પ્રયાસ એણે જ કરેલો. યુવાન સારા ઘરનો લાગતો હતો તો પછી આવી લૂંટનો પ્રયાસ કેમ?

યુવાનનો જવાબ ચોંકાવનારો હતો કે એની ગર્લફ્રેન્ડના ખર્ચા રાત-દિવસ વધી રહ્યા હતા એને પૂરા કરવા એણે ‘UTUBE’ પર આ પ્રકારની લૂંટના વીડિયો જોયા પછી ‘ATM’ લૂંટના પ્લાન દ્વારા મોટો હાથ મારવાનો પ્રયાસ તો કર્યો, પણ એમાં પોતે ઝડપાઈ ગયો ! આ યુવાન તો પ્રેમનો માર્યો આડે રસ્તે ચઢવા ગયો એમાં ફસાઈ ગયો. હવે એથી વિરુદ્ધની આ ઘટના જાણો

મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમમાં ઉપરાઉપરી બે અનામી કોલ આવ્યા કે મુંબઈની ઝવેરી બજાર અને મહારાષ્ટ્રના બીડ શહેરમાં બે શક્તિશાળી ટાઈમ બૉમ્બ રાખવામાં આવ્યા છે તરત જ પોલીસની બૉમ્બ સ્કવૉડ બન્ને સ્થળે ધસી ગઈ. કંઈ ન મળતા જ્યાંથી ફોન આવ્યા હતા એ અજાણ્યા નંબરની શોધ ચાલી અને મુંબઈની ચબરાક પોલીસે આવા અનામી -ખોટા ફોન કરનારા એક યુવાનને શોધી કાઢ્યો.

‘આવા ભયપ્રેરક ફોન કરવાનું કારણ શું ?’ યુવાને જે જવાબ આપ્યો એ સાંભળીને પોલીસ ચકરાઈ ગઈ. એ કહેઃ ‘મારી ગર્લફ્રેન્ડ સાથે હમણાં બ્રેકઅપ થઈ ગયું છે. એ પ્રેમસંબંધ તૂટતાં હું બહુ હતાશ થઈ ગયો એને દૂર કરવા અને લાઈફમાં ફરી ઉત્તેજના જગાડવા આ રસ્તો અજમાવ્યો અને આવા ફોન મળે તો પોલીસ શું કરે એ જાણવાની પણ મને જિજ્ઞાસા હતી એટલે ખોટા ફોન કરીને પોલીસને દોડાવી!’ બોલો, હવે આવા મૂરખ આશિકોને માથે શિંગડાં ઊગે કે ન ઊગે એનાથી કોને શું ફરક પડે છે?!

## ભણો, અપરાધીઓની આ પાઠશાળામાં !



આપણા ઝારખંડ રાજયના બે નામ બહુ જાણીતા છે.એક નામ બહુ વખણાય છે અને એ છે વિખ્યાત ક્રિકેટવીર એમ.એસ. ધોની જ્યારે બીજું નામ બહુ બદનામ છે અને એ છે જામતારા શહેર આ શહેર ખાસ્સું વખોડાયેલું છે ત્યાંના સાયબર ક્રાઈમ્સને લીધે. દેશમાં જે પણ ઓનલાઈન અપરાધ થાય છે એમાંના મોટાભાગના આ શહેર અને એની આસપાસનાં જંગલ વિસ્તારોમાંથી થાય છે. ક્રેડિટ-ડેબિટ કાર્ડસમાં ઘાલમેલ કરી પૈસાની ઉચાપત કરતાં આ જામતારાના સાયબર ગુનેગારો અને પારકાના બેંક ખાતામાં ગાબડું પાડી રકમની ઊઠાંતરી કરતાં હેકર્સ બડા ચાલાક છે. એ એવા બદનામ પણ છે કે એમનાં કરતૂતો પરથી બનેલી બે TV સીરિયલ પણ જબરી હીટ પુરવાર થઈ છે. આવા કુખ્યાત જામતારા(કેટલાક એને ‘જામતાડા’ તરીકે પણ ઓળખાવે છે)ના અસલી અપરાધીઓએ હવે પોતાના ધંધા-વ્યવસાયના વધુ વિકાસ અર્થે (ને બીજાના નુકસાન અર્થે !) આજના ડિજીટલ યુગમાં નવા નિશાળિયાને ચોક્કસ ચાર્જ લઈને તાલીમ આપવા ઓનલાઇન કલાસ પણ શરૂ કર્યા છે ! બેંકનાં ડેબિટ-ક્રેડિટ કાર્ડના CVV-(ગુપ્તનંબર) કઈ રીતે જાણવાથી લઈને સેલફોનના બનાવટી સીમ કાર્ડ બનાવવા અને કોઈને બ્લેકમેલ કરવાના સેકસ વીડિયો કઈ રીતે તૈયાર કરવા સુધીના સાયબર ક્રાઈમના બધા જ ‘હુન્નર’ની વ્યવસ્થિત તાલીમ અનેકવિધ સાયબર સાઈટસ પરથી ઓનલાઈન આપવામાં આવે છે! હા, કોઈ નવોદિતને આવી કોઈ લૂંટ કરવી હોય તો આવા અનુભવી એના સક્રિય સલાહકાર પણ બને અને લૂંટના દલ્લામાંથી 25% પોતાનું કમિશન પણ લે..! કોણ કહે છે ક્રાઈમ-કાંડના ધંધામાં - માર્કેટમાં મંદી છે?!

## ઈશિતાનું ઈત્યાદિ ઈત્યાદિ




લોટરી ખરીદીને એમાં વિજેતા થવું એવી દરેકની મહેચ્છા હોય છે તો કેટલાંક્ને એનું એવું ગાંડપણ પણ વળગે કે લોટરી ખરીદી ખરીદીને પૈસેટકે બરબાદ પણ થઈ જાય. અમેરિકાના એલેકઝાન્ડ્રિયા સિટીમાં રહેતા અલિ ઘેમીને ય આવી લોટરીની લત. નસીબ સાથ નહોતું દેતું એટલે છેલ્લે કંટાળીને એણે અંતિમ વાર લોટરી ખરીદવાનો નિર્ણય કર્યો. એનો બર્થ-ડે 25 સપ્ટેમ્બરે હતો માટે 25 અને 9 આંકને ધ્યાનમાં રાખીને એણે 5 હજાર ડોલરના ઈનામ ધરાવતી એ આંકની આસપાસના નંબરવાળી 200 ટિકિટ ખરીદી. લોટરીનું પરિણામ હમણાં જાહેર થયું તો આપણા આ અલિ બિરાદરની બધી જ ટિકિટો વિજેતા ઠરતાં એને મળ્યા કુલ 10 લાખ ડોલર!

બુદ્ધિશાળી મનુષ્ય જ એક એવું પ્રાણી છે કે જેનું મગજ આયુ વધતાં સંકોચાય છે.

## * ઈશિતાની એલચી *

**જે પોતાની પત્ની (કે પ્રેયસી!)નો જન્મદિવસ બરાબર યાદ રાખે, પણ એની ઉંમર ભૂલી જાય એ વ્યક્તિ ખરી મુત્સદી!!**

# ગાંધી જયંતીએ...




બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

ગાંધીજયંતીની સવાર. ફોન રણક્યો. અજાણ્યો નંબર. ‘સ્પામ’ લખેલું આવ્યું. છતાં, ટાઈમપાસ ખાતર ઉપાડ્યો. સામેથી પરિચિત અવાજ સંભળાયો.

અવાજ: હેલો...

જવાબ: હા, બોલો ભાઈ. તમારો અવાજ બહુ જાણીતો લાગે છે પણ મહેરબાની કરીને સવાર સવારમાં “મને ના ઓળખ્યો?” ને “બોલો હું કોણ બોલું છું?”– એવાં ઉખાણાં ન પૂછતા.

અવાજ: (હસવાનો અવાજ)

જવાબ: એમાં હસવા જેવું શું છે? મેં જોક કહી?

અવાજ: તારો ઉકળાટ સાંભળીને લાગે છે કે તારા માથે બટેટું મૂકું, તો પાંચ મિનિટમાં બફાઈ જાય. (ફરી હસે છે.)

જવાબ: એક મિનિટ...હું ક્યારનો વિચારું છું કે અવાજ જાણીતો છે... તમે...તમે ક્યાંક ગાંધીજી તો...?

અવાજ: શું વાત છે? તું મારો અવાજ ઓળખી ગયો? બાકી દેશની સ્થિતિ વિશે જાણ્યા પછી, ઘણી વાર હું પણ મારો અવાજ ઓળખી શકતો નથી.

જવાબ: અરે બાપુ... અમારા અંતરાત્માનો અવાજ ભલે ભૂલી જઈએ પણ તમારો અવાજ ભૂલી જવાય? થોડા વખત પહેલાં જ, કોઈ ચેનલ પર તમારી ફિલ્મ આવતી હતી ત્યારે પણ તમને બહુ યાદ કર્યા હતા...પણ તમે આજે, 2nd ઓક્ટોબરે, સવારના પહોરમાં ફ્રી ક્યાંથી?

ગાંધીજી: હું ક્યાં ગાંધીવાદી છું કે વર્ષમાં 2 વાર બિઝી થઈ જાઉં?

જવાબ: તમે પણ બાપુ...સીરિયસલી પૂછું છું, તમારે આજે ક્યાંય જવાનું નથી? પ્રાસંગિક સંબોધન માટે, ચરખો કાંતતો ફોટો પડાવવા માટે, સર્વધર્મપ્રાર્થનામાં, ગાંધીશ્રેણીના કોઈ વ્યાખ્યાનમાં...ક્યાંય નહીં?

ગાંધીજી: ઉપર આવી ગયા પછી બધું બંધ. આમ તો નીચે પણ એ બધું ક્યાં કરતો હતો? પેલું જીવન-સંદેશવાળું ભૂલી ગયો?

જવાબ: ના,ના, એમ થોડું ભુલાય? હમણાં જ સાબરમતી આશ્રમ ગયો ત્યારે “મારું જીવન એ જ મારો સંદેશ” લખેલા પાટિયા પાસે સેલ્ફી પાડેલી. બરાબર એ જ વખતે એક કાગડો ત્યાં આવીને બેસી ગયો, મને ખબર નહીં પણ સોશ્યલ મીડિયા પર એ ફોટો બહુ વાઈરલ થયો કે હવેના જમાનામાં કાગડા પણ બેશરમ થઈને કહી દે છે, ‘‘મારું જીવન એ જ મારો સંદેશ”.

ગાંધીજી: સારું, સારું. ટૂંકમાં, હું ક્યાંય બહાર જતો નથી–2nd ઓક્ટોબરે અને 30મી જાન્યુઆરીએ તો ખાસ નહીં.

જવાબ: પછી લોકો તમને ભૂલી જ જાય ને? બાકી, હવે તો તમને મારનારાને વધાવનારી વિચારધારાના લોકો પણ તમને ફૂલ ચડાવે છે.

ગાંધીજી: (હસીને) હવે મને ફૂલ ચડાવવા સલામત છે. હું ક્યાં સામે સવાલ પૂછવાનો છું કે મને ફૂલ ચડાવતાં પહેલાં શું કરીને આવ્યા? અહીંથી જઈને શું કરવાના? અને હવે તો, મને ફૂલ ચડાવતી વખતે તમારા મનમાં શું ચાલે છે તે પણ પૂછવું પડે એમ છે.

**બહુ બુદ્ધિ ચલાવીશ તો રાજદ્રોહની તૈયારી રાખવી પડશે અને રાજદ્રોહના કેસમાં મને મળેલો અંગ્રેજ ન્યાયાધીશ તો બિચારો સારો માણસ હતો. કહે કે “તમારી સજા ઓછી થશે તો સૌથી વધારે ખુશી મને થશે.” તું ન્યાયાધીશ સુધી પહોંચ્યા વિના, અધવચ્ચે જ ક્યાંક ગબડી ન પડે**

જવાબઃ કેમ આવી નેગેટીવ વાતો કરો છો? મનમાં શું ચાલતું હોવાનું?

ગાંધીજીઃ એ તો તને ખબર. પૃથ્વી પર તું રહે છે કે હું? વચ્ચે સરદાર મજાકમાં મને પૂછતા હતા કે “બાપુ, બેરિસ્ટર સાવરકરને અંગ્રેજોની માફી માગવાનું તમે કહેલું?” પછી હું કંઈ જવાબ આપું તે પહેલાં તેમણે પૃથ્વી પરના કેટલાક સમાચાર બતાવ્યા. તેમાં મારા નામે આવું લખેલું. એટલે, લોકો મને હારતોરા કરતી વખતે શું વિચારતા હશે?

જવાબઃ એ જ કે હવે પછી તમને કયા ખોટા વિવાદમાં સંડોવવા? કે તમને નીચા પાડી ન શકાય, તો કોને કોને તમારી ઊંચાઈ પર ગોઠવી દેવા?

ગાંધીજીઃ (હસે છે) સાચવજે. બહુ બુદ્ધિ ચલાવીશ તો રાજદ્રોહની તૈયારી રાખવી પડશે અને રાજદ્રોહના કેસમાં મને મળેલો અંગ્રેજ ન્યાયાધીશ તો બિચારો સારો માણસ હતો. કહે કે “તમારી સજા ઓછી થશે તો સૌથી વધારે ખુશી મને થશે.” તું ન્યાયાધીશ સુધી પહોંચ્યા વિના, અધવચ્ચે જ ક્યાંક ગબડી ન પડે.

જવાબઃના,નાકહેતાંતમેદેશનુંઘણુંધ્યાનરાખતાલાગોછો.

ગાંધીજીઃ સરદાર છે ને મારી પાસે? એટલે હળવા થવા સમાચાર વાંચી સંભળાવે છે પણ એ વાંચીને અમે બેય દુઃખી થઈ જઈએ છીએ.

જવાબઃ આઝાદીના અમૃત કાળની ઉજવણીમાં મને તો એમ કે તમે મોજમાં ધુબાકા મારતા હશો. તમારા નામે કેટકેટલું ચાલે છે.

ગાંધીજીઃ મારા નામે જે બધું ચાલે છે એની તો રામાયણ છે.

જવાબઃ હવે તો રામાયણ છે એવું પણ ન કહેતા. તમારા પ્રત્યે પ્રેમ છે એટલે કહું છું. ભલે ને એ જૂનો ને જાણીતો શબ્દપ્રયોગ હોય પણ ગુજરાતના કે ઉત્તર પ્રદેશના કોઈ ગામમાં કોઈકની લાગણી દુભાશે તો તમારે ક્યાં કોર્ટના ધક્કા ખાવાના?

ગાંધીજીઃ (નિઃસાસો નાખીને) હા ભાઈ, રામનો ને રામાયણનો ઉપયોગ લાગણી દુભાવવા પૂરતો ને લાગણી વટાવવા પૂરતો જ રહી ગયો છે...પણ “હે, રામ” તો બોલાય ને ?

જવાબઃ એ પણ વિચારવું પડે કારણ કે તમને મારનારી વિચારધારાના લોકોને લાગે છે કે રામ પર તેમની મોનોપોલી છે. તેમનો માણસ તમને ગોળી મારે અને તમે “હે રામ” બોલો તો પછી તેમના હિંદુત્વનું શું થાય?

એક વારનું “હે રામ” ભૂંસવામાં કેટલા દાયકા નીકળી ગયા. હવે ફરી કોઈએ આવી રીતે “હે રામ” નહીં બોલવાનું, એવો કાયદો હજુ થયો નથી પણ થાય તો નવાઈ નહીં. (એ સાંભળતાંની સાથે ફોન કટ થઈ જાય છે અને તેના સ્ક્રીન પર “હે રામ” લખેલું આવે છે.)